Introduction

## - :આવેદન: -

૧. ...ાર્ગીધારાનો અછડતો પરિચય અને એ ધારાના કોઇક કવિનો કે કોઇક શાખાનો ...સ આ પહેલાં દી.બ.કૃષ્ણલાલ મો.ઝવેરી, ગોવર્ધનરામ ત્રિપાઠી, નરસિંહરાવ ...ટયા, કનૈયાલાલ મુનશી, વિજયરાય વૈદ્ય, અનંતરાય રાવળ, ડો.ભોગીલાલ સાંડેસરા, ...ર જોશી, ડો.યોગીન્દ્ર ત્રિપાઠી, કેશવલાલ ઠક્કરાદિએ કર્યો છે. અહીં મધ્યકાલીન ...ી ૮ જ્ઞાનમાર્ગી કાવ્યપરંપરાનો, પહેલીવાર, ઐતિહાસિક તેમ જ આલોચનાત્મક ...ષ્ટિએ, પરિચય કરાવ્યો છે.

૨. આ પરંપરાના કવિઓ સાંપ્રદાયિકતાથી ઉફરા ચાલ્યા ગયા છે. એક તરફ દયારામના "રસિકવલ્લભ" ને અને બીજી તરફ નરહરિની "જ્ઞાનગીતા" કે અખાની "અખેગીતા"ને રાખીને જોતાં આ ભેદ તરત વરતાઇ આવશે. આ ધારાના કવિઓ અનુભવાર્થી છે. એઓ જ્ઞાની તરીકે કેવળ વેદાંતના સિધ્ધાંતોનું પ્રતિપાદન કરતા નથી, અનુભવી તરીકે અપરોક્ષાનુભૂતિથી જે એમને લાધ્યું છે તેને સમર્થ વાણીમાં પ્રકટ કરે છે. એમની બ્રહ્મખુમારીનો આનંદોદ્ગાર એમની કવિતામાં સંભળાય છે.

૩. બૃહત સાથે એકરૂપ થવાની માનવોની અદમ્ય અનુસન્ધિત્સા અનેકરૂપે આવિષ્કૃત થતી રહે છે. અહીં ઋગ્વેદ, અથર્વવેદ, બૃહદારણ્યક, છાંદોગ્ય, કઠ, મૈત્રેયી, વજ્રસૂચિ આદિ ઉપનિષદો, મુનિ રામસિંગના પાહુડદોહા, સરહપાદ કણ્હપાદના બૌધ્ધ દોહા, નાથસાહિત્ય અને મધ્યકાલીન રામાનંદ, કબીર, રજ્જબ, દાદુ વગેરે સંતોની સાધના, સૂફી સાધના-આ બધાં ચિત્ર્યંતરો બતાવીને એ સાધનાના તંતુને આપણી જ્ઞાનમાર્ગી પરંપરા સાથે સાંકળી બતાવ્યો છે.

૪. આ કાવ્ય પરંપરાના અભ્યાસને અંગે ગૂજરાતના જુદા જુદા ૮ હસ્તપ્રતોના સંગ્રહોમાંથી આસરે ૮ જેટલી હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે (ચે). આ પરંપરામાં મહત્ત્વનું પ્રદાન કરનાર અખાના જ્યેષ્ઠ નરહરિની પ્રધાનકૃતિ "જ્ઞાનગીતા" ની પહેલીવાર શાસ્ત્રીય પધ્ધતિ અનુસરીને, ચાર હસ્તપ્રતો તેમ જ એક મુદ્રિત પ્રતને આધારે, સમીક્ષિત વાચના આપવામાં આવી છે.

૬. નરહરિની, આ પરંપરાની દ્રષ્ટિએ નોંધપાત્ર એવી, "સંતનાં લક્ષણો", "ગોપીઉધ્ધવસંવાદ, અને "આદરાસ"- આ ત્રણ કૃતિઓની સમીક્ષિત વાચના પહેલા પરિશિષ્ટમાં આપી છે. જ્ઞાનમાર્ગ પરંપરાને વિશિષ્ટ એવાં કક્કો, બારાખડી, બાવની, વાર, તિથિ, બારમાસી, વાણી, સાખી, ગીતા, અવળવાણી, રૂપકગ્રન્થી આદિનો, ક્રમિક વિકાસ બતાવી, પરિચય કરાવ્યો છે. ત્રીજા પરિશિષ્ટમાં જ્ઞાનમાર્ગી કવિઓએ સ્વીકારેલી પરંપરાગત પારિભાષિક સંજ્ઞાઓનો, આ સાધના પ્રણાલીના ક્રમિક વિકાસના સંદર્ભમાં મૂકીને, પરિચય-

કરાવ્યો છે.એ અંગે ઉપલબ્ધ સાહિત્યમાંથી અવતરણો અને પ્રમાણો આપીને એના અર્થવિકાસની આધાર ચર્ચા કરી છે.

૭. આ પરંપરાના અભ્યાસને નિમિત્તે પંડિત ધનરાજ,કૃષ્ણજી,પુરૂષોત્તમ,નારાયણ, અનુભવાનંદ,વસ્તો વિશ્વંભર,રણછોડ,પ્રાગજી,જીવણદાસ(બ્રહ્મવાદી)-આટલા કવિઓનો, અદ્યાપિપર્યંત અપ્રસિધ્ધ કૃતિઓને આધારે,અભ્યાસ રજૂ કર્યો છે.

૮. "જ્ઞાનગીતા" માં આવતા નોંધપાત્ર શબ્દોની એક સૂચી અંતમાં આપવામાં આવી છે. ભાષાકીય દ્રષ્ટિએ મહત્ત્વના શબ્દોની વ્યુત્પત્તિ આપી છે,ને વ્યુત્પત્તિ અંગેના અનુમાનોને કૌંસમાં પ્રશ્નાર્થ મૂકીને સૂચવ્યાં છે.

મહાનિબંધમાં ચર્ચેલા કેટલાક મુદ્દાઓ,ઉપર આપેલા એના તારણને આધારે,જોઇ શકાશે.અહીં કેટલીક નવી હકીકતો પહેલીવાર શોધી કાઢીને રજૂ કરવામાં આવી છે;તો બીજી કેટલીક બાબતોમાં,આ પહેલાં જાણવામાં આવેલી હકીકતોનો અભ્યાસ,સંશોધનની દ્રષ્ટિએ આ નવા સંદર્ભમાં મૂકીને,કરવાને પ્રયત્ન થયો છે.એવું મારું નમ્ર આવેદન છે.